# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

1) **ગુજરાત વડી અદાલતે રાજ્ય સરકારને છેવાડાના અંતરિયાળ અને વંચિત ગામો સુધી મેડીકલ અને માળખાકીય સુવિધાઓ વધારવા જણાવ્યું**
2) **ગીરના પૂર્વ નાયબ વનસરંક્ષક દ્વારા જણાવાયું છે કે** ગીર જંગલ રક્ષિત વિસ્તારના સૂચિત ઇકો સેન્સેટીવ ઝોનથી ખેતી તથા ગામતળમાં થતી પ્રવૃત્તિઓ પર કોઈ પ્રતિબંધ નહીં આવે
3) **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાં અત્યાર સુધી સરકારે 2 હજાર 430 કરોડનો ફાળો આપ્યો**
4) **અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બે દિવસમાં બે અંગદાનઃ અત્યાર સુધી 171 બ્રેઇન ડેડ વ્યક્તિના અંગદાન દ્વારા 537 જરૂરિયાતમંદોને નવજીવન મળ્યું**
5) **આગામી પાંચ દિવસમાં રાજ્યનાં કેટલાંક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Medical facility in villages

ગુજરાત વડી અદાલતે રાજ્યનાં છેવાડાના અંતરિયાળ, ખાસ કરીને આદિવાસી અને પછાત ગામો સુધી મેડીકલ અને માળખાકીય સુવિધાઓ વધારવા માટે જણાવ્યું છે. અદાલતે સરકારને આવા વિસ્તારોમાં આરોગ્ય વિષયક સેવાઓને પ્રાથમિકતા આપવા પણ જણાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં છોટા ઉદેપુરનાં ક્વાંટ તાલુકાના તુરખેડા ગામમાં રોડ, એમ્બ્યુલન્સની સુવિધાનાં અભાવે ગર્ભવતી મહિલાનાં મૃત્યુની ઘટનામાં વડી અદાલતે હાઇકોર્ટે સુઓમોટો પીઆઇએલ દાખલ કરી હતી. અદાલતે જણાવ્યું હતું કે, આવી સ્થિતી ફરી ન સર્જાય તે માટે નિષ્ણાત વ્યક્તિ જ જે તે ગામ સુધી પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

---

- -ડેસ્ક અનિલ

-(NAVIN)

# GEER ECO ZONE

ગીર જંગલ રક્ષિત વિસ્તારના સૂચિત ઇકો સેન્સેટીવ ઝોનથી ખેડૂતો પર તેની કોઈ અસર નહીં પડે અને ખેતી તથા ગામતળમાં થતી પ્રવૃત્તિઓ પર કોઈ પ્રતિબંધ નહીં આવે એમ **ગીરના પૂર્વ નાયબ વનસરંક્ષક રાજદિપસિંહ ઝાલાએ જણાવ્યું છે.**

**ધારીના આંબરડી સફારી પાર્ક ખાતે ગઈ કાલે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં કહ્યું કે, સૂચિત ઇકો સેન્સેટીવ ઝોન લાગુ થવાથી કુલ ૧૯૬ ગામોનો સમાવેશ થશે જ્યારે હાલના નિયમો મુજબ ૩૮૯ ગામો રક્ષિત વિસ્તાર અને તેની આસપાસ સમાવિષ્ટ છે જ. આમ, ઇકો સેન્સેટીવ ઝોન લાગુ થવાથી ગામની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે, વધારો નહીં.**

**તેમણે સ્પષ્ટતા કરી કે ખેતર કે વાડીના માલિક પોતાના ખેતર કે વાડીમાં ભૂગર્ભમાંથી પાણી કાઢવા કૂવા કે દાર નિયમન દેખરેખ હેઠળ કરી શકે છે.**

**ગામતળમાં કરવાની થતી સરકારી અથવા વ્યક્તિગત પ્રવૃત્તિઓ માટે ઇકો સેન્સીટીવ ઝોનને લગતી કોઇપણ પરવાનગી લેવાની રહેશે નહીં જેમાં દવાખાના, આંગણવાડી, શાળા, પંચાયત કચેરી, નંદ ઘર, ગામના રસ્તાઓ વગેરે તમામ ગામના વિકાસની પ્રવૃત્તિઓમાં, પોતાના રહેણાંક, પાણીના કનેક્શન, વીજ જોડાણ, કૂવા બાંધકામ વગેરે માટે વન વિભાગની પરવાનગીની આવશ્યકતા નથી.**

---

- -ચાદી અનિલ

-(NAVIN)

# CYBER CRIME AWARENESS SEMINAR- CHHOTAUDEPUR

બ્રિટિશ હાઈ કમિશન અને ગુજરાત પોલીસના સંયુક્ત ઉપક્રમે છોટાઉદેપુર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માં સાયબર ગુના વિશે જાગૃતિ લાવવા માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

તેમાં સાયબર સેલના પી આઇ વનરાજ કામલિયા તેમજ સાયબર નિષ્ણાંત ઈશાન ગુપ્તા દ્વારા વિસ્તૃત જાણકારી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ અંગે સાયબર નિષ્ણાત ઇશાન ગુપ્તાએ વધુ માહિતી આપી.

(બાઈટ : ઈશાન ગુપ્તા, સાયબર નિષ્ણાત)

----------------------------------------------------------------------

- એનડીએમએસ/હેમાંગીની

-(NAVIN)

# SWARNIM SHEHRI VIKASH YOJANA

રાજ્ય સરકારે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વડોદરા મહાનગર પાલિકા, જસદણ અને વિજાપુર નગરપાલિકાઓમાં કુલ મળીને 563 કામો માટે 3 કરોડ 14 લાખ રૂપિયાના ભંડોળને મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ સંદર્ભે વડોદરા નગરપાલિકાને 2 કરોડ, 78 લાખના ખર્ચે વિવિધ 50 કામોને મંજૂરી આપી. તેમણે જસદણ નગરપાલિકાને સી. સી. રોડના કામ માટે 19 લાખ, 17 હજાર રૂપિયા તેમજ વિજાપુર નગરપાલિકાને સી. સી. રોડ તેમજ પેવર બ્લૉકના કામો માટે 17 લાખ 43 હજાર રૂપિયા ફાળવવા મંજૂરી આપી છે.

સરકારે આ યોજના અંતર્ગત ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાં અત્યાર સુધી રાજ્યની મહાનગરપાલિકાઓને 36 હજાર 418 કામો માટે બે હજાર 112 કરોડ અને નગરપાલિકાઓને 7 હજાર 334 કામો માટે 319 કરોડ રૂપિયા મળીને કુલ 43 હજાર 752 કામો માટે 2 હજાર 430 કરોડ રૂપિયાનો ફાળો આપ્યો છે.

ખાનગી સોસાયટીઓમાં રસ્તા, પેવર બ્લોક, પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન, સ્ટ્રીટ લાઈટ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ તેમજ સોસાયટીઓના કોમન પ્લોટમાં પેવર બ્લોક નાંખવાના કામો માટે આ સહાય 70:20:10ના ધોરણે અપાય છે.

2010માં ગુજરાતની સ્થાપનાના 50 વર્ષ પૂર્ણ થવા અવસરે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------

- યાદી અનિલ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# Civil organ donation

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બે દિવસમાં બે અંગદાન થયા છે, જેમાં બંને અંગદાન થકી બે લીવર, ચાર કિડની, બે આંખો અને એક હૃદય મળી કુલ સાત અંગોનું દાન મળ્યું છે. આ અંગદાનથી સાત જરૂરિયાતમંદોને નવજીવન મળશે. સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી 171 બ્રેઇન ડેડ વ્યક્તિઓનાં અંગદાન દ્વારા 537 જરૂરિયાતમંદોને નવજીવન મળ્યું છે.

સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડોક્ટર રાકેશ જોષીએ જણાવ્યું હતુ કે, સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી 308 કિડની, 148 લીવર, બાવન હૃદય, 30 ફેફસાં, 9 સ્વાદુપિંડ, બે નાના આંતરડા, પાંચ સ્કીન અને 116 આંખનું દાન મળ્યું છે.

---------------------------------------------------------------------

- -ડેસ્ક અનિલ

-(NAVIN)

# Train reservation

ભારતીય રેલવેએ ટ્રેનમાં અગાઉથી થતા રિઝર્વેશન માટેની સમયમર્યાદા હાલનાં 120 દિવસથી ઘટાડીને 60 દિવસ કરી છે. એક પરિપત્રમાં રેલવેએ જણાવ્યું છે કે, નવો નિયમ 1 નવેમ્બરથી અમલી બનશે.

પ્રવાસીઓ 31 ઓક્ટોબર સુધી પ્રવાસની તારીખનાં 120 દિવસ પહેલાં બુકિંગ કરાવી શકશે અને 60 દિવસ ઉપરાંતનાં થયેલા એડવાન્સ બુકિંગને રદ કરી શકાશે. તાજ એક્સપ્રેસ અને ગોમતી એક્સપ્રેસ જેવી દિવસનાં સમયે ચાલતી એક્સપ્રેસ ટ્રેનમાં હાલનાં ટૂંકા એડવાન્સ રીઝર્વેશન સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

આ ઉપરાંત, વિદેશી પર્યટકો માટે 365 દિવસની મર્યાદામાં પણ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

---

- -પુલ અનિલ

-(NAVIN)

# FOOD POISONING-SURENDRANAGAR

સાયલા તાલુકાના સુદામડા ગામે આશરે 200 થી વધુ વ્યક્તિઓને ફૂડ પોઈઝનિંગની અસર થતા દોડધામ મચી ગઈ હતી.

અમારા સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિનિધિ સુરેશ પરમાર જણાવે છે કે માતાજીના માંડવામાં આવેલા લોકોને જમણવારમાં છાશ પીધા બાદ આ અસર થઈ હોવાનું મનાય છે. મળતા અહેવાલો પ્રમાણે આરોગ્ય વિભાગની ટીમ સુદામડા ગામે પહોંચી ગઈ છે અને સારવાર હાથ ધરવામાં આવી છે કોઈપણ વ્યક્તિની સ્થિતિ ગંભીર ન હોવાનું જણાવાયું છે.

---

- પીટીસી સુરેન્દ્રનગર, હર્ષ

-(NAVIN)

# FSSAI-GODHARA

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગોધરા દ્વારા પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ ગત પખવાડીયા દરમિયાન સઘન કામગીરી કરવામાં આવી છે.

આ કામગીરી અંતર્ગત ઉત્પાદક, જથ્થાબંધ તથા છૂટક વેપાર કરતા વેપારીઓ પાસેથી દૂધ અને દૂધની બનાવટો, ખાદ્યતેલ, બેકરી પ્રોડક્ટસ, મસાલા, ડ્રાયફ્રુટ્સ, ઘી, તૈયાર ખોરાક, ફરસાણ અને મીઠાઈના કુલ 46 ફોર્મલ સેમ્પલ, 91 સર્વેલન્સ તથા 60 થી વધુ ઈન્સપેક્શન કરવામાં આવ્યા છે.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે કાલોલ તાલુકામાં અંદાજિત 66 હજાર ૭૦૦ રૂપિયાની કિમંતનો આશરે 95 કિલોગ્રામ જેટલો વિવિધ મસાલાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

---

- પીટીસી પંચમહાલ, હર્ષ

-(NAVIN)

# WETHER

રાજ્યમાં નૈઋત્ય ચોમાસાની વિદાય છતાં હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.

આજે અને આવતીકાલે વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ, પોરબંદર, પંચમહાલ અને દાહોદમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

ઉપરાંત આગામી 20 તારીખે દક્ષિણ ગુજરાતના ડાંગ અને તાપીમાં ભારે વરસાદ તથા સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

----------------------------------------------------------------------

- ડેસ્ક, હર્ષ -(NAVIN)

# CBDT INCOME TAX

કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ- CBDT એ આવકવેરા અધિનિયમ હેઠળ ગુનાઓ અંગે સુધારેલી માર્ગદર્શિકા જારી કરી છે. આ નવી માર્ગદર્શિકા અનિર્ણીત અને નવી અરજીઓ પર લાગ પડશે. તેનો હેતુ વર્તમાન વિવિધ માર્ગદર્શિકાઓની જટિલતાને ઘટાડવાનો, કમ્પાઉન્ડિંગ પ્રક્રિયાને સરળ બનાવવાનો અને કમ્પાઉન્ડિંગ ચાર્જ ઘટાડવાનો છે.

આ અંતર્ગત આર્થિક ગુનાઓનું વર્ગીકરણ દૂર કરવામાં આવ્યું છે, અરજીઓ દાખલ કરવા પરની મર્યાદા દૂર કરવામાં આવી છે.

---

- -પુલ અનિલ

-(NAVIN)

# FARMER REGISTRY

ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રયાસોથી એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ફાર્મર રજિસ્ટ્રી હેઠળ રાજ્યમાં ગત સપ્તાહથી ખેડૂતોની નોંધણી શરૂ કરવામાં આવી છે.

પી.એમ. કિસાન યોજનાના આગામી ડિસેમ્બરના હપ્તા માટે ૨૫ નવેમ્બર સુધીમાં ખેડૂત આઇ.ડી.ની નોંધણી કરાવવા સૂચના આપવામાં આવી છે. વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશનથી દરેક ગ્રામ પંચાયતોમાં તેમજ ખેડૂતો જાતે પણ આ નોંધણી કરી શકશે.

---

- પીટીસી રાજકોટ, હર્ષ

-(NAVIN)

# AATMA PROJECT-ORGANIC FARMING-PANCHMAHAL

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન હેઠળ સરકાર દ્વારા રાજ્યમાં વધુમાં વધુ ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેમાં કૃષિ તકનીકી વ્યવસ્થાપન સંસ્થા-આત્મા પહેલ દ્વારા જિલ્લાકક્ષાએ ટકાઉ કૃષિ વિકાસ અને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે કામ કરવામાં આવે છે.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે આ પહેલ અંતર્ગત પ્રાકૃતિક ખેત પેદાશો ઉપરાંત દેશી ગાય અધારિત પ્રાકૃતિક ખેતીથી તૈયાર કરેલ સંપૂર્ણ પ્રાકૃતિક શાકભાજી, ફળો, અનાજ અને કઠોળનું ખેડૂતો દ્વારા સીધું ગ્રાહકોને વેચાણ કરી શકાય તે માટે જિલ્લા સેવા સદન, ગોધરા વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ છે.

આત્મા દ્વારા શરૂ કરવામાં આવેલ પ્રાકૃતિક ખેતપેદાશોના આ વેચાણકેન્દ્ર દ્વારા કાલોલ તાલુકાના અડાદરા ગામના અજબસિંહ જાદવ દ્વારા તેમના ખેતરમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી પકવેલી ચોળીનું તથા ગોધરાના ટીંબા ગામના ખેડૂત છેલિયાભાઈ રાઠવા દ્વારા ટિંડોળા, કારેલા, દૂધી તેમજ બીજોરાનું વેચાણ કરવામાં આવ્યું હતું.

-------------------------------------------------------------------

- પીટીસી પંચમહાલ, હર્ષ

-(NAVIN)